અપીલ અરજી નં.૪૮ તા.૩૦–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૩૧–૩–૧૧ની અરજીથી સુ.મ.પાની હદવાળા વિસ્તારમાં કોઈ પણ કરદાતા મિલ્કત બાંધકામ કરવા માટે જરૂરી એવા પ્લાન સુ.મ.પા ના શહેર વિકાસ વિભાગમાં રજુ કરે અને આ પ્લાન મંજુર થઈ ગયા બાદ કરદાતાની મિલ્કતનું બાંધકામ કરે ત્યારે મંજુર પ્લાન કરતા વધારાનું (ગેરકાયદેસર) બાંધકામ કરે તો તે બાબતની જવાબદારી સુ.મ.પા ના શહેર વિકાસના અધિકારીની આવે છે કે પ્લાન મંજુરી માટે રજુ કરનાર આર્કીટેકટ એન્જીનીયરની આવે તે બાબતે રેકર્ડ મેન્યુલ આધારીત માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૩૦–૪–૧૧ ની **SMC/FAP/** નં.૪૮/૨૦૧૧–૧૨

શ્રી સુરેશ એમ. પટેલની તા.૩૧–૩–૧૧ની અરજીથી સુ.મ.પાની હદવાળા વિસ્તારમાં કોઈ પણ કરદાતા મિલ્કત બાંધકામ કરવા માટે જરૂરી એવા પ્લાન સુ.મ.પા ના શહેર વિકાસ વિભાગમાં રજુ કરે અને આ પ્લાન મંજુર થઈ ગયા બાદ કરદાતાની મિલ્કતનું બાંધકામ કરે ત્યારે મંજુર પ્લાન કરતા વધારાનું (ગેરકાયદેસર) બાંધકામ કરે તો તે બાબતની જવાબદારી સુ.મ.પા ના શહેર વિકાસના અધિકારીની આવે છે કે પ્લાન મંજુરી માટે રજુ કરનાર આર્કીટેકટ એન્જીનીયરની આવે તે બાબતે રેકોડ મેન્યુલ આધારીત માહિતિ આપવા બાબતે નિયત સમયઅવધિમાં કોઈ નિર્ણય મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૭ તા.૭–૫–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં નહીં મળેલ માહિતિ અંગે નારજગી છે કે અન્ય રીતે? તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપેલી માહિતીની વિગતની નકલ રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૨–૫–૧૧ થી પૂરક વિગતનો પત્ર મળેલ છે.

અરજદારની તા.૩૧–૩–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૭૧ તા.૬–૫–૧૧ થી દિન–૭ ના વિલંબથી અરજદારને સુમપાની હદવાળા વિસ્તારમાં સુમપા ધ્વારા પ્લાન મંજુર થઈ ગયા બાદ કરદાતા મંજુર પ્લાન કરતાં વધારાનું (ગેરકાયદેસર) બાંધકામ કરે તે બાબતે ધી બીપીએમસી એકટ અને જનરલ ડેવલેપમેન્ટ , કન્ટ્રોલ રેગ્યુલેશન મુજબ સુમપાના જે તે વિસ્તારના લાગત કર્મચારી/અધિકારીની તેમજ સુપરવીઝન સર્ટી કરનાર આર્કીટેકટ/એન્જી. ની બંનેની જવાબદારી આવે છે" તેવું જણાવેલ છે.જે બાબતે અરજદારે દિન–૩૦ ની અવધિમાં કોઈ પ્રતિભાવ મળ્યો નથી તેવું જણાવી તા.૩૦–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. વધુમાં અરજદાર તરફથી માહિતી મળ્યા બાદ અપીલના આધારો રજૂ કરવામાં આવશે. તેવું જણાવેલ. જે બાબતે અપીલ તબકકે બંને પક્ષકારોને આરટીઆઈ સેલ/૧૬૭ મુજબ પત્ર પાઠવવામા આવેલ. જે અંગે અરજદારે નહી મળેલ માહિતી અંગે નારાજગી છે કે અન્ય રીતે તે સ્પષ્ટ કરવા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે પૂરક વિગતોમાં અરજદારે જાહેર માહિતી અધિકારી સમય મર્યાદામાં માહિતી આપતા નથી અને કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી તથા અપીલ બાબતે ખોટી રીતે કારણો તેમજ નારાજગી બાબતે ખુલાસો માંગવામાં આવે છે તેવી રજૂઆત કરેલ છે. જે અંગે અરજદારે પોતાની અપીલમાં માહિતી મળ્યા બાદ અપીલના આધારો રજૂ કરવા રજૂઆત કરેલ છે. તેથી અરજદારને અપીલ તબકકે કોઈ માહિતી મળે તો તે અંગે નારાજગી બાબતે પોતાનો પક્ષ રજૂ કરી શકે તે અંગે અરજદારને અપીલ તબકકે વૈદ્યાનિક કાર્યવાહી અંગે પત્ર પાઠવવામાં આવે છે. જેમાં અરજદારે નારાજગી અંગે કોઈ પક્ષ રાખેલ નથી આથ અરજદારને માહિતી બાબતે કોઈ તકરારને કોઈ સ્થાન નથી. પરંતુ માહિતી વિલંબથી મળ્યા અંગેની રજૂઆત કરેલ છે. અને તે અંગે જવાબદાર અધિકારીની કાર્યવાહીની રજૂઆત કરેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં રજૂ કરેલ કાનૂની જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગ, પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકાડા શાસ્ત્ર , બ્યુરો કચેરી, સેકટર–૧૮, ગાંધીનગરને છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૩૧–૩–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ કાનૂની જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા  આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :       –૬–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ  અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી સુરેશ એમ. પટેલ,